જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૨/૨૦૨૨ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૨૮૫/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૦/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૨,૧૧,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૦૮ લીટર દેશી દારૂ, ૩૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૨૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૮/૨૦૨૨**

**વેજલપુરઃ** જીયાઉદીન ગુરૂદિન સૈયદ (ઉ.વ.૪૮)(રહે.અબ્દુલહનાન સોસાયટી, ઝમઝમ પાર્ક અંદર, અબુબકર મસ્જીદ પાસે સરખેજ) એ તા.૨૦/૧૨/૨૦૨૨ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૧૨/૨૦૨૨ સાંજના ૬/૦૦ થી તા.૦૯/૧૨/૨૦૨૨ સાંજના ૬/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન ફતેવાડી સર્વે. નં-૨૦૦ પ્લોટ નં. ૧૨૮/૨ યુશરા પાર્ક, કેનાલ પાસે ફતેવાડી ખાતે આવેલ પોતાના ગોડાઉનના ધાબા ઉપરથી અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી, ત્રણ મોટર કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-, ગીયર બોક્સ કિંમત રૂપિયા ૧૫૦૦/-, ગ્રાઇન્ડર મશીન કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, લીમીટ સ્વીચ મેટલ કિંમત રૂપિયા ૧૫૦૦/-, એમ.એસ.ચેનેલ આઇ બીમ કિંમત રૂપિયા ૨૦૦૦/-, એમ.એસ.પાઇપ કિંમત રૂપિયા ૫૦૦/-, સી.આર. અને એચ.આર. સીટ્સ કિંમત રૂપિયા ૧૪,૦૦૦/-, એમ.એસ.ફ્લેટ રાઉન્ડ સ્કવેર નંગ-૧૦ કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૪,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૯/૨૦૨૨**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** યજ્ઞેશકુમાર વિનોદભાઇ રાઠોડ(ઉ.વ.૨૨)(રહે.ન્યુ હર્ષદ ભવાનીનગર સોસાયટી, અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૦૨૨ ના કલાક ૮/૧૫ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ પશ્ચિમ કિનારે એન.આઇ.ડી. પાછળ, રીવરફ્રંન્ટ વોક-વે રેમ્પ નંબર-૩ ખાતે સાબરમતી નદીમાં ઝંપલાવી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**સાબરમતીઃ** કનુભાઇ શકરાભાઇ નાયક (ઉ.વ.૩૫)(રહે.ગુરૂકૃપા સોસાયટી વિભાગ-૧ ન્યુ રાણીપ) એ તા.૧૬/૧૨/૨૦૨૨ ના કલાક ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા, સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૧૨/૨૦૨૨ ના કલાક ૯/૩૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ કનુભાઇ નાયકને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદભાઇ ચંદુભાઇ ચલાવે છે.

**શાહીબાગઃ** ધવલભાઇ ગોપાલભાઇ ઠાકોર (ઉ.વ.૩૬)(રહે.પગીવાસ નિલકંઠ મહાદેવ સામે અસારવા) એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૦૨૨ ના કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વડી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદિપસિંહ સુરાજી ચલાવે છે.

**નિકોલઃ** મોહીની વા/ઓ ચેતનભાઇ તોમર (ઉ.વ.૨૨)(રહે.સ્વામીનારાયણનગર કેદાર ફ્લેટની બાજુમા નિકોલ)એ અગમ્ય કારણસર તા.૨૦/૧૨/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.વી.પિપરોત્તર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી